# "ફોર્મ નં.૭"

(જુઓ નિયમ ૧૩(૨) અને ૨૬) ફોર્મ નં.................

ભારતનું ચૂંટણી પંચ (કચેરીએ ભરવું)

## હાલની મતદારયાદીમાં નામ દાખલ કરવા સામે વાંધા માટે અથવા નોંધાયેલ નામ રદ કરવા માટેનું અરજીપત્રક

પ્રતિ,

મતદાર નોંધણી અધિકારી,

વિધાનસભા મતવિભાગનો નંબર ☐

વિધાનસભા મતવિભાગનું નામ ..............................................................

હાલની મતદારયાદીમાં નામ દાખલ કરવા સામે વાંધા માટે અથવા નોંધાયેલ નામ રદ કરવા માટે હું અરજી રજૂ કરુ છું.

| | | |
|---|---|---|
| (૧) | અરજદારનું નામ : | |
| | મતદાર ફોટો ઓળખપત્ર (EPIC) નં. : | |
| | અરજદારનો મોબાઈલ નં. : | |
| | અથવા સગા-સંબંધીનો મોબાઈલ નં. : | |

(૨) અરજી / વાંધા માટેનો વિકલ્પ (યોગ્ય ખાનામાં ખરાની નિશાની કરો) (કોઈપણ એક)

☐ (i) હું હાલની મતદારયાદીમાં નોંધાયેલ હોય તેવી નીચે જણાવેલ વ્યક્તિનું નામ નીચેના પૈકી કોઈ એક કારણસર રદ કરવા વિનંતી કરું છું :- (કોઇ એકમાં ખરાની નિશાની કરો)

☐ મૃત્યુ ☐ ઓછી ઉંમર ☐ ગેરહાજર/કાયમી સ્થળાંતરિત

☐ અગાઉ એક/એકથી વધુ વાર નોંધાયેલ છે ☐ ભારતીય નાગરિક નથી

☐ (ii) નીચે ઉલ્લેખ કરેલ વ્યક્તિનું નામ દાખલ કરવાની અરજી માટે નીચેના પૈકી કોઈ એક કારણસર હું વાંધો ઉઠાવું છું. (કોઇ એકમાં ખરાની નિશાની કરો)

☐ મૃત્યુ ☐ ઓછી ઉંમર ☐ ગેરહાજર/કાયમી સ્થળાંતરિત

☐ અગાઉથી જ નોંધાયેલ છે ☐ ભારતીય નાગરિક નથી

☐ (iii) નીચેના કારણો પૈકી એક કારણસર હું મતદાર યાદીમાંથી મારૂં નામ રદ કરવા વિનંતી કરૂં છું. (કોઇ એકમાં ખરાની નિશાની કરો)

☐ ગેરહાજર/કાયમી સ્થળાંતરિત ☐ અગાઉથી જ નોંધાયેલ ☐ ભારતીય નાગરિક નથી

મૃત્યુનું પ્રમાણપત્ર જોડેલું છે (યોગ્ય ખાનામાં ખરાની નિશાની કરો.) ☐ હા ☐ ના

(૩) જે વ્યક્તિના નામ અંગે વાંધો ઊઠાવવામાં આવ્યો હોય તેની વિગતો નીચે મુજબ છે.

નામ: અટક:

EPIC નં. (જો ઉપલબ્ધ હોય તો):

| | | |
|---|---|---|
| સરનામું | ઘર/મકાન/એપાર્ટમેંટ નં: | |
| | શેરી/વિસ્તાર/સ્થળ/મહોલ્લો/માર્ગ | |
| | નગર/ગામ | |
| | પોસ્ટ ઓફિસ | |
| | પીન કોડ | |
| | તાલુકો | |
| | જિલ્લો | |
| | રાજ્ય | |

### એકરારનામું

આથી હું, મારી શ્રેષ્ઠ જાણકારી અને માન્યતા મુજબ હું જાહેર કરુ છું કે, જે ખોટું છે તેમ હું જાણતો હોઉં કે માનતો હોઉં અથવા સાચું છે તેમ ન માનતો હોઉં તેવું (ખોટું) નિવેદન કે (ખોટો) એકરાર કરવો તે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૩૧(૧૯૫૦ નો ૪૩) હેઠળ એક વર્ષ સુધી લંબાવી શકાય તેટલી મુદતની જેલ અથવા દંડ અથવા બંનેની શિક્ષાને પાત્ર છે.

તારીખ:...................................

સ્થળ : ...................................  અરજદારની સહી/ડાબા હાથના અંગૂઠાનું

નિશાન

***<u>દિવ્યાંગજનો માટે સુગમતા અંગે સૂચનાઓ :</u>*** દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારોના અધિનિયમ, ૨૦૧૬ અને દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો નિયમો,૨૦૧૭ અનુસાર, બૌદ્ધિક દિવ્યાંગતા, માનસિક દિવ્યાંગતા, લકવો અને બહુવિધ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓના કિસ્સામાં દિવ્યાંગ વ્યક્તિની સહી /ડાબા હાથના અંગૂઠાનું નિશાન અથવા દિવ્યાંગ વ્યક્તિના કાયદેસર વાલીની સહી / ડાબા હાથના અંગૂઠાનું નિશાન જરૂરી બનશે.

✂ ---------------------------------------------------------------- ✂

## <u>અરજી માટે પહોંચ/રસીદ</u>

પહોંચ નં............................... તારીખ:.........................

ફોર્મ ૭ માં શ્રી/શ્રીમતી/કુમારી...............................................................ની અરજી મળેલ છે.
(અરજીની સ્થિતિ તપાસવા અરજદાર પહોંચ નંબરનો સંદર્ભ આપી શકે છે.)

મતદાર નોંધણી અધિકારી/મદદનીશ મતદાર નોંધણી અધિકારી/
બુથ લેવલ અધિકારીનું નામ/સહી

---

ફોર્મ –૭ સાથેનું બિડાણ

## <u>ફોર્મ –૭ ભરવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ</u>

૧. સામાન્ય સૂચનાઓ :–

(ક) વિધાનસભા મતવિભાગની હાલની મતદાર યાદીમાં નોંધાયેલ મતદાર દ્વારા અરજી કરી શકાશે.

(ખ) આ અરજી, કોઇ વિધાનસભા મતવિભાગની મતદારયાદી કે જેમાં મતદાર પોતે નોંધાયેલ હોય તેમાં નોંધાયેલ કોઇ મતદારના સંદર્ભે વાંધો ઉઠાવવા/ નામ દાખલ કરવાની અરજીનો વાંધો ઉઠાવવા કે મતદારયાદીમાંથી અરજદારનું પોતાનું નામ રદ કરવાની વિનંતી માટે કરી શકાશે.

૨. <u>મુદ્દા નં ૧ (અરજદારનું નામ)</u>:– અરજદાર તેના નામ, એપિક નંબર અને પોતાનો 'અથવા' સગા–સંબંધી (પિતા/માતા/પતિ/કાનૂની વાલી) ના મોબાઇલ નંબરનો ઉલ્લેખ કરશે.

૩. <u>મુદ્દા નં. ૨ ( વાંધા / નામ કમી કરવાની અરજી માટે વિકલ્પ )</u> :– અરજદારે જે હેતુ માટે અરજી કરી હોય તે પૈકી

કોઇ એક વિકલ્પ અંકિત કરવાનો રહેશે. અરજદારે વિકલ્પની નીચે ઉલ્લેખ કરેલા કારણો જેમકે, મૃત્યુ , ઓછી ઉંમર, ગેરહાજર / કાયમી સ્થળાંતરિત, એ જ સ્થળે કે કોઇ અન્ય સ્થળે અગાઉથી જ મતદાર યાદીમાં નામાંકિત થયેલ હોય, ભારતીય નાગરિક ન હોય વગેરે પૈકી એક કારણ, કે જે વ્યક્તિ વિરુદ્ધ વાંધો ઉઠાવ્યો હોય અને જે તેના મતાનુસાર મતદાર યાદીમાં નામ સમાવેશ કરવા ગેરલાયક હોય, તે વિકલ્પ દર્શાવવાના રહેશે. નામ સમાવેશ કરવા અંગેનો વાંધો કે નામ કમી કરવા આપેલા કારણ–પુરાવા સાબિત કરવાની સંપૂર્ણ જવાબદારી અરજદારની રહેશે.

૪. <u>મુદ્દા નં ૩ ( જે વ્યક્તિના સંદર્ભે વાંધો ઉઠાવવામાં આવ્યો હોય તેની વિગતો )</u> : – અરજદારે જે વ્યક્તિના નામના સમાવેશ અંગે વાંધો ઉઠાવ્યો હોય અથવા નામ કમી કરવા માંગતા હોય તેનું નામ,અટક, EPIC નંબર અને સરનામાની વિગતો ભરવી

૫. <u>એકરારનામું</u> :– અરજદારે એ બાબતનું 'એકરારનામું' આપવું જ જોઇએ કે અરજીમાં ઉલ્લેખ કરેલી વિગતો તેની / તેણીની શ્રેષ્ઠ જાણકારી અને માન્યતા અનુસાર સત્ય છે.

<u>કૃપા કરીને ધ્યાન રાખો કે, એકરારનામા ભાગમાં કોઇ પણ ખોટું નિવેદન આપવું એ લોક–પ્રતિનિધિત્વનો અધિનિયમ, ૧૯૫૦ (૧૯૫૦ નો ૪૩ મો)ની કલમ ૩૧ હેઠળ એક વર્ષ સુધી લંબાવાઈ શકે એટલી મુદતની કેદની કે દંડની કે બન્નેની સજાપાત્ર ગુનો છે.</u>